
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભગવાનનું કામ કરવાનો આ જ સમય





ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

http://rushichintan.com

## ભગવાનનું કામ કરવાનો આ જ સમય

**ગાયત્રી મંત્ર મારી સાથેસાથ-**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥**

### ભગવાનનું નિમંત્રણ

મિત્રો ! ખાસ કરીને પરમાર્થ કે લોકમંગલ શું હોઈ શકે છે ? સૌથી સારું તો એ છે કે અત્યારે ભગવાને આપને પોતાના વ્યક્તિગત કામોમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું છે, ફરી ક્યારે મળશે આવો અવસર ? ક્યારેય મળશે નહિ. એક સમય હતો જ્યારે ભગવાને ગોપબાળોને આમંત્રણ આપ્યું હતું. શું કહ્યું હતું ? આપ અમારા અંગત કામમાં સામેલ થઈ શકો છો અને જે કામ અમે કરી શકીએ છીએ એમાં પણ આપ સહાયક બનીને અમારા જેવા દરજ્જાના બની શકો છો. ગોપબાળો ગોવર્ધન ઉપાડવામાં પોતાની લાકડી ટેકવી દીધી અને પોતાનો દરજ્જો ભગવાન કૃષ્ણ જેવો કરી દીધો. એવી જ રીતે જ્યારે ભગવાન રામ હતા ત્યારે તેમણે પોતાના વ્યક્તિગત કામોમાં મદદ કરવા માટે રીંછ-વાનરોને કહ્યું હતું કે આપ અમને મદદ કરો. રીંછ-વાનરોએ, નલ-નીલે પુલ બાંધ્યો. હનુમાનજીએ ઘણાં કામ કર્યાં. ખિસકોલીએ એક કામ કર્યું, ગીધે બીજું કામ કર્યું અને તેમનાં વ્યક્તિગત કામોમાં મદદ કરનાર ધન્ય થઈ ગયા, ન્યાલ થઈ ગયા. ગાંધીજીનાં કામોમાં મદદ કરનાર ધન્ય બની ગયા.

સાથીઓ ! આ સમય પણ એક સરસ સમય છે. ભગવાનનો અવતાર થવાનો છે. જેને આપણે પ્રજ્ઞાઅવતાર કહીએ છીએ તેનો અવતાર થવાનો છે કેમ સાહેબ ? અવતાર થવાનો છે ? હા બેટા ! અવતાર થવાનો છે, આપ નિશ્ચિત રહો. આજે એ પરિસ્થિતિઓ આવી ગઈ છે, જેના માટે ભગવાને આશ્વાસન આપ્યું હતું કે અસંતુલનને દૂર કરવા માટે સંતુલન લાવીશું. આજે માનવતા ચૌટા પર ઊભી છે. માણસ વિનાશના રસ્તે જવાનો જ છે. હવે વાર નહિ લાગે, બસ, એક ધક્કાની જ જરૂર છે. એક ધક્કો લાગ્યો ની કે સમસ્ત માનવતા ખતમ થઈ જશે અને અહીં રહેનારું કોઈ રહેશે નહિ. આજે માનવતા સામૂહિક આત્મહત્યા કરવા તત્પર થઈ ગઈ છે.

આપ પરિસ્થિતિઓને સમજતા નથી, પરંતુ અમે સમજીએ છીએ કે આજનો માણસ ક્યાં જઈ પહોંચ્યો છે અને જરાક મુશ્કેલી આવ્યા પછી તેનું શું થઈ શકે છે ? એક રસ્તો એ છે, જેમાં માણસના ઉત્થાનને અવકાશ છે. એમાં માણસનું સ્વરૂપ બદલાઈ શકે છે, ભવિષ્ય બદલાઈ શકે છે. આપણે બરાબર ચૌટા ઉપર ઉભા રહીએ અને ભગવાનને કહી રહ્યા છીએ – "સેન્યોસ્ભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત ॥" આજે માનવતાનો રથ બે ચૌટાની વચ્ચે ઊભો છે.

### ભગવાનનું કામ કરવાનો આ જ સમય

મિત્રો ! આપ એવા શાનદાર સમયમાં જન્મ્યા છો કે આપ ઇચ્છો તો આવા શાનદાર સમયમાં ભગવાન સાથે, ભગવાનના સાથીઓ સાથે ભગવાનને મદદ કરનારમાં, ભગવાનના પાર્ષદો આપનું નામ લખાવી શકે છે. પાર્ષદ કોણ છે ? નવા યુગનું નિર્માણ કરવા માટે જે પોકાર ઊઠ્યો છે, સમયનો પોકાર થયો છે, તેને સાંભળનાર, તેમાં સામેલ થનાર જાગૃત આત્માઓ -પુણ્યાત્માઓ જ પાર્ષદ છે. આપને ખબર છે કે જ્યારે સૂરજ ઊગે છે, તો સૌથી પહેલાં પહાડોનાં શિખરો પર ઊગે છે. નીચે પછીથી આવે છે, પહેલા શિખરો પર  દેખાય છે. ભગવાનનો પોકાર, યુગનો પોકાર સૌથી પહેલા એ લોકો પર આવે છે, જેમની જીવાત્મા જાગૃત છે.

જે માણસો સૂઈ રહયા છે, એમને શું કહેવાનું ? જે મરેલા છે, એમને શું કહેવાનું ? આજનો જે સમય છે, આજનો જે યુગ છે, તે આપત્તિકાળનો સમય છે. આ આપત્તિકાળમાં પોતાના વ્યક્તિગત સ્વાર્થને, પોતાના લોભને આપ ઇચ્છો તો સુધારી શકો છો. ન ઇચ્છો તો પછી મરો એમાં જ. બધા જ મરી રહયા છે, તો આપ ક્યાંથી અલગ થઈ શકો ? કોઈ સંતાન માટે મરી રહ્યું છે, કોઈ પેટ માટે મરી રહયું  છે. માખી મચ્છરોથી માંડીને કીડી-મંકોડા સુધ્ધાં પેટ માટે મરી રહયા છે. એમાં માણસ પણ આવી જાય છે.

આજે સૌની સામે બે જ મુખ્ય કામ છે – એક પેટ ભરાવું જોઈએ અને બીજું સંતાન જન્મવું જોઈએ. લોભ અને મોહ સિવાય બીજો કોઈ મકસદ જ નથી. ના સાહેબ ! ભજનનો છે. ભજન કઈ વાતનું ? કઈ નહિ, અમને તો કાંઈ ખબર પડતી નથી.

જો આપ ભજન કર્યું હોત, તો શું આપની ભીતર કોઈ ફેરફાર ન થાત ? શરાબ પીનારના જીવનમાં ફેરફાર દેખાય છે. જેને તાવ આવ્યો હોય તેનાં જીવનમાં ફેરફાર દેખાય છે. તેવી રીતે ભગવાનના ભક્તના જીવનમાં ફેરફાર દેખાશે. તેનાં ચિંતનમાં પરિવર્તન આવશે. આપ ભજન કરો છો, તો આપના વિચારોમાં પરિવર્તન આવવું જોઈએ, ખાસ કરીને આ જમાનામાં કે જ્યારે પ્રજ્ઞાનો અવતાર થવાનો છે.

## ગાયત્રી : ઋતંભરા પ્રજ્ઞા

સાથીઓ ! ગાયત્રીને હું ઋતંભરા પ્રજ્ઞા કહું છું, વેદમાતા કહું છું, દેવમાતા કહું છું, વિશ્વમાતા કહું છું. આપ શું કહો છો એ આપ જાણો ? આપની પરિભાષા તો મને સમજાતી નથી. આપ તો એને ઘરમાં ભૂત-પ્રેત આવી જાય તો તેને ભગાડવાનો મંત્ર કહો છો, ભેંસનું દૂધ વધારવાનો મંત્ર કહો છો. બીજા કોનો મંત્ર કહો છો ?

દીકરી પછી દીકરો જન્માવનાર મંત્ર કહો છો. ઘરની અંદર જમીનમાં જે રૂપિયા દટાયેલા પડયા છે, તેની જાણકારી આપનાર મંત્ર કહો છો. ગાયત્રીને બીજા કોનો મંત્ર કહો છો ? નોકરીમાં બઢતી કરાવવાનો મંત્ર કહો છો. ભગવાન કરે આપનો મંત્ર આપને મુબારક છે. આપ એવા મંત્રને જપ્યા કરો અને આપ પોતે મર્યા કરો. અમારો મંત્ર બહુ શાનદાર છે.

પ્રજ્ઞાવતાર, જે ભગવાનના અવતાર રૂપે આજે અને કાલે અવતરિત થવાનું છે, તે બહુ શાનદાર છે. કેવું શાનદાર છે ? આ ગાયત્રી મંત્ર, જેની અંદર એવું શિક્ષણ ભરેલ છે, જે ભાવિ મનુષ્ય જાતિ માટે આચારસંહિતા બની શકે છે. જે ભવિષ્ય માટે આખા વિશ્વનું સંવિધાન બની શકે છે.

આ ગાયત્રી મંત્ર મનુષ્ય માટે નીતિ, સમાજશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર વગેરેનો આખેઆખો આધાર બની શકે છે. ગાયત્રી મંત્ર એવો છે, જેની સંહિતાઓ સમગ્ર મનુષ્ય જાતિને એક કેન્દ્ર પર એકત્ર કરી શકે છે. ભાષાઓ એક, ધર્મ એક, સંસ્કૃતિ એક, રાષ્ટ્ર એક, અર્થાત્ આખા વિશ્વને એકતાના સૂત્રમાં બાંધી લેવાની તમામ સંભાવનાઓ આમાં ભરેલી છે.

એ સમસ્ત સમસ્યાઓનું સમાધાન પણ આનાથી થઈ શકે છે, જેના કારણે વાતાવરણ વિકૃત થઈ ગયું છે અને વિકૃત વાતાવરણના કારણે પ્રકૃતિ ભયંકર રીતે વિનાશ કરવા તત્પર થઈ ગઈ છે.

### પ્રકૃતિ રુષ્ટ- ચિંતન વિકૃત

મિત્રો ! આપે જોયું નથી રોજ કેવી કેવી ભયંકર ઘટનાઓ બની રહી છે, જે પહેલાં ઇતિહાસમાં ક્યારેય સાંભળવા પણ મળી નહોતી. જેમ કે, હમણાં એક પૂર આવ્યું હતું, જેમાં પૂરનું પાણી એકદમ ફરી વળ્યું અને હજારો માણસોને વહાવી ગયું, આપે ક્યારેય સાંભળ્યું ? ના સાહેબ ! અમે તો નથી સાંભળ્યું. હમણાં આંધ્રમાં જે તોફાન આવ્યું હતું, આપને ખબર છે ? ના સાહેબ ! અમને તો ખબર નથી.

બેટા ! આ પ્રકૃતિની વિનાશ લીલા છે, જે સ્થળે સ્થળે અવારનવાર થતી રહે છે. નેચર નારાજ થઈ ગઈ છે. બીજું શું થઈ ગયું છે ? વાતાવરણ પ્રદૂષિત થવાના કારણે પ્રત્યેક માણસની અક્કલ ખરાબ થઈ ગઈ છે. આપે સાંભળ્યું હશે કે ક્યારેક દુશ્મન દેશ પર ગેસ નાંખી દે છે તો માણસ પાગલ થઈ જાય છે, બીમાર થઈ જાય છે. અહીં નેચરે ગેસ નાંખી દીધો છે. આનાથી માણસ કાયિક દૃષ્ટિએ બીમાર થઈ ગયો છે. ચાલચલગતની દૃષ્ટિએ બીમાર  થઈ ગયો છે.

માણસને અનૈતિક આચરણ સિવાય બીજી કોઈ વાત સમજાતી નથી. ચરિત્રની વાત કરીએ તો તેની ખીલી ઉડાવી દે છે અને બીમારો સિવાય જે કામ માણસે ન કરવું જોઇએ એ કામ કરવા તત્પરપર થઈ ગયો છે.

આજે માણસ શરીરની દૃષ્ટિએ બીમાર, કૃત્યોની દૃષ્ટિએ બીમાર, આચરણની દૃષ્ટિએ બીમાર છે. આને જ હું બીમારી  કહું છું. તાવને હું બીમારી નથી કહેતો. હું તો એને બીમારી કહું છું કે જેમાં માણસ વિકૃત આચરણ કરવા તત્પર થઈ જાય છે. આજે શરીર કરતાં વધારે મગજ બીમાર છે. અચિંત્ય ચિંતન – જે વિચારવાની જરૂર નથી, જેના પર ધ્યાન આપવાની જરૂર નથી.

અચિંત્ય ચિંતન શું છે ? આ એક મગજની બીમારી છે, મગજ ખરાબ થવાની બીમારી છે. નેચરે વાતાવરણ દૂષિત થવાને કારણે માણસની ભીતર શારીરિક દૃષ્ટિએ અને માનસિક દૃષ્ટિએ જે વિકૃતિઓ પેદા કરી છે એ જોઈને હું હેરાન છું.

## અવતાર પ્રવાહ રૂપે આવે છે.

આના માટે શું કરવું પડશે ? એ કામ, જે ભગવાન પોતાના હાથે કરવાના છે, સંતુલન બનાવવા છે, સૃષ્ટિને ઠીક કરવાના છે. માણસના ચિંતન અને ચરિત્રને ફરીથી સાચા રસ્તે લાવવાના  છે. એ કેવી રીતે લાવશે ? વ્યક્તિ રૂપે અવતરિત થઈને ?

ના બેટા, ભગવાન જ્યારે પણ અવતાર રૂપે આવે છે, તો ભક્તિ રૂપે નથી આવતા. તેઓ હવા રૂપે આવે છે, પ્રવાહ રૂપે આવે છે, આંદોલનો રૂપે આવે છે.

રામચંદ્રજી જ્યારે આવ્યા હતા, ત્યારે ? ત્યારે તેઓ એકલા નહોતા આવ્યા. નવ્વાણું માણસો સાથે આવ્યા હતા. રામચંદ્રજી અવતાર હતા ? હા,  અવતાર હતા, અવતાર કોઈ એકલો આવે છે ? કોઈ અવતાર ક્યારેય એકલા નથી આવતા.

નવ્વાણું માણસો સાથે લાવે છે અને એમાંથી એક માણસને શ્રેય મળી જાય છે. રામચંદ્રજીને શ્રેય મળી ગયું, બરાબર છે. તેમનું શ્રેય મુબારક હો. તો પછી લક્ષ્મણજીનું કોઈ યોગદાન હતું ?

હા સાહેબ ! એમનું પણ યોગદાન હતું ખરું. અને હનુમાનજીનું ? હનુમાનજીનું પણ હતું. સુગ્રીવ અને જામવંતનું ? સુગ્રીવ અને જામવંતનું પણ યોગદાન હતું. અને વિભીષણનું ? વિભીષણનું પણ હતું. વિભીષણનું યોગદાન ન હોત, તો એ ખબર જ ન પડત કે રાવણનું મકાન ક્યાં છે, લંકા ક્યાં છે અને ત્યાં સુધી જવાનો રસ્તો ક્યાં છે ? તો શું રામચંદ્રજીએ રાવણને માર્યો હતો ? ના, નવાણું માણસોએ મળીને રાવણને માર્યો હતો.

## નિષ્કલંક પ્રજ્ઞાવતાર

એટલાં માટે મિત્રો ! આટલું મોટું મહાપરિવર્તન એકલાં થઈ શકતું નથી. શું કૃષ્ણ ભગવાને મહાભારત કર્યું હતું ? હા કર્યું હતું, પરંતુ એકલાં નહિ, પરંતુ નવ્વાણું માણસોએ કર્યું હતું મહાભારત. યુગ બદલવામાં એક માણસ કામ નથી કરતો. આખો સમાજ કરે છે, સમૂહ કરે છે અને એક હવા આવે છે અને લોકોને વિવશ કરી દે છે. ગાંધીજીએ અંગ્રેજોને ભગાડી દીધા હતા ? હા ભગાડી દીધા હતા. ભગાડવા છતાં તો છ વર્ષની જેલમાં શું કામ ચાલ્યા ગયા હતા ? એમને બર્માની જેલમાં રંગુન મોકલી દેવામાં આવ્યા હતા, ત્યારે પોતાને કેમ છોડાવી લીધા ન હતા ? બેટા ! તેઓ એકલાં નથી આવતા, સમૂહ આવે છે. આ સમયે જે પ્રજ્ઞાવતાર આવવાનો છે, તેને અમે નિષ્કલંક કહીએ છીએ. નિષ્કલંક કોણ હોઈ શકે છે ? વિવેક. ના સાહેબ ! નિષ્કલંક તો માણસ હોય છે. ના, કોઈ માણસ નિષ્કલંક હોતો નથી. રામચંદ્રજી ? રામચંદ્રજી નિષ્કલંક નહોતા. ધોબીને કહ્યું હતું કે આપે આપની પત્નીને શું કામ રાખી લીધી, કાઢી મૂકો એને. એમણે બિચારાએ કાઢી મૂકી. શ્રીકૃષ્ણ ભગવાન નિષ્કલંક હતા ? ખબર નથી. સ્યમંતક મણિની ચોરીનો આરોપ એમના પર લાગ્યો હતો. શ્રીકૃષ્ણ ભગવાનને પણ કલંક લાગ્યું ? હા, એમને પણ કલંક લાગી ગયું હતું. માણસમાંથી સૌને કલંક લાગે છે, તો પછી નિષ્કલંક કોણ હોઈ શકે છે ? નિષ્કલંક એક જ હોઈ શકે છે અને એનું એક જ નામ છે -વિવેક. ઋતુંભરા પ્રજ્ઞા.

## અવતારને સાથ આપો

ઋતંભરા પ્રજ્ઞાનો નિષ્કલંક અવતાર આ જમાનામાં થવાનો છે અને એ સમય હવે આવી ગયો છે. આપ શું કરી શકો છો ? આપ એને મદદ કરી શકો છો. આપ તેની સાથે ખભેખભો મેળવી ચાલી શકો છો. જેવી રીતે ગોપબાળોએ ગોવર્ધન ઉપાડવામાં ભગવાન શ્રીકૃષ્ણને સાથ આપ્યો હતો, એવું જ યોગદાન આપવાનો અત્યારે મોકો છે.

જો આપ ઇચ્છશો તો તેનો લાભ આપને મળશે, નહિ ઇચ્છો તો કંઈ વાંધો નહિ. આપની ભીતર તો એક વાત ભરેલી છે કે અમારી મનોકામના પૂરી કરો.

ચાલો, હવે તો હું અહીં પણ આવી ગયો કે આપની મનોકામના પૂરી કરીશું તો પછી ભાઈસાહેબ ! આ આટલું મોટું કામ કરશે કોણ ? ભગવાન કરશે.

બેટા ! અમે આપને પહેલાં જ એ જણાવી દીધું છે કે ભગવાન નથી કરતા. માણસને મદદ કરવી એ ભગવાનનું કામ નથી. સદાવ્રત ખોલવાનું કામ ભગવાનનું નથી. હોસ્પિટલનું બનાવવાનું કામ ભગવાનનું નથી. પરબ બાંધવાનું કામ ભગવાનનું નથી. કોનું કામ છે ? માણસનું કામ છે. એવા માણસનું કે જે સમર્થ હોય. જેની અંદર દયા હોય. આ હોસ્પિટલ કોણ બંધાવી છે ? જેનામાં દયા પણ છે અને સામર્થ્ય પણ છે તેને બનાવી છે. સંપન્નતા અને દયા બંને જેની અંદર છે, તેણે હોસ્પિટલ બંધાવી છે. આ અન્નક્ષેત્ર કોણ ચલાવે છે ? જેની પાસે સંપન્નતા પણ છે અને દયા પણ છે તે ચલાવે છે. આજે મનુષ્ય જાતિને એવા જ માણસોની જરૂર છે.

### મનોકામનાઓ ભગવાનને અર્પિત કરી દો.

તો પછી મનોકામનાઓ કોણ પૂરી કરે છે ? બેટા, ભગવાન મનોકામના પૂરી નથી કરતા. ના સાહેબ ! ભગવાન મનોકામના પૂરી કરે છે. ના બેટા ! ભગવાન નથી કરતા. આપને શું ખબર નથી. ? નારદજીનું ઉદાહરણ તો આપને ખબર જ હશે. નારદજી એક વાર ભગવાન પાસે ગયા અને બોલ્યા કે હે ભગવાન ! મારી મનોકામના પૂરી કરી દો. ભગવાને કહ્યું, ભક્ત અને મનોકામના ? આ સંગતિ કેવી રીતે આવી ગઈ નારદ ? દુનિયામાં બે જ મનોકામનાઓ છે – એક કંચન અને બીજી કામિની. ત્રીજી કોઈ મનોકામના છે જ નહિ. કહે તને ક્યાંથી મળશે કામિની અને કંચન ? નારદજીએ કહ્યું કે સ્વયંવરમાં જોયું હતું. એક યુવાન યુવતી હતી, તેના લગ્ન થવાનાં હતા અને લગ્નમાં લાંબું પહોળું દહેજ મળવાનું હતું. રાજપાટ પણ મળવાનું હતું.

આ જોઈને નારદજીના મોંમાં પાણી આવી ગયું હતું. એમણે કહ્યું કે ભગવાનની કૃપા થઈ જાય. ભગવાને નારદની ઉપેક્ષા કરી દીધી, તો તેઓ સમજ્યા કે ભગવાન કદાચ ચૂપ થઈ ગયા છે અને મનોકામના પૂરી કરી દીધી છે.

યુવતીએ જ્યારે કોઈ બીજા સાથે લગ્ન કરી લીધા, તો નારદજી ભગવાન પાસે આવ્યા અને ગાળો દેવા લાગ્યા. ભગવાને કહ્યું કે નારદ ! જ્યારથી સૃષ્ટિ બની છે ત્યારથી માંડીને આજ સુધી એક પણ માણસનું નામ મને બતાવ કે જેની મનોકામનાઓ મેં પૂરી કરી હોય. શું મે પહલાના મનોકામના પૂરી કરી ?

હરિશ્ચંદ્ર અને ભગીરથની મનોકામના પૂરી કરી ? શું મેં ઋષિઓની મનોકામના પૂરી કરી ? દરેકને સતાવ્યા છે, બાળ્યા છે, સોનાની જેમ તપાવ્યા છે. પછી તું ક્યાંથી મનોકામના લઈને આવી ગયો ? બેટા, ભગવાનને ત્યાં મનોકામનાને ક્યાંય કોઈ અવકાશ નથી. એટલા માટે શું અવકાશ છે આપ આપની મનોકામનાઓ ભગવાનને સુપરત કરી દો ? સુપરત કર્યા પછી ભગવાનનો પ્રેમ પામો.

### સૌથી કિંમતી ઉપહાર – ભગવાનનો પ્યાર

ભગવાનનો પ્યાર પામવા માટે શું થઈ શકે ? તેનાથી આપને ખાવાની તાકાત તો મળી શકતી નથી, પરંતુ ખવડાવવાની તાકાત મળી શકે છે. પછી આપ ધ્યાન રાખતો કે તેનાથી આપને આપના વ્યક્તિગત જીવનમાં લાભ ઉઠાવવાની છૂટ મળી શકતી નથી, બીજાને લાભ આપવાથી મળી શકે છે. જો આપે એવા સિદ્ધ પુરુષ બનવું હોય, તો હું આપને મદદ કરવા તૈયાર છું. મારા ગુરુએ આ જ શરત પર સહાયતા કરી છે કે આપ ખાઈ નહિ શકો, ખવરાવી શકો છો.

બેટા ! અમે ગુરુનું આપેલું ખાધું નથી, જીવનભર બીજાને ખવડાવ્યું છે. ગુરુએ આપને શું આપ્યું છે ? અમને શું આપ્યું છે એ પૂછવા માગો છો ને ? ચાલો, હું આપની ભાષામાં જ બોલું છું કે ગુરુએ મારું દેવાળું ફૂંકી નાખ્યું છે.

પૈસાની દૃષ્ટિએ ખાલી કરી નાંખ્યો. શરીરની દૃષ્ટિએ ખાલી કરી નાંખ્યો. અક્કલની દૃષ્ટિએ ખાલી કરી નાંખ્યો. અમે શું છીએ ? વાંસળીની જેમ પોલા છીએ. કંઈ બીજું છે આપની પાસે ? ના બેટા, અમે શુદ્ધ બ્રાહ્મણ છીએ.

શુદ્ધ બ્રાહ્મણ શું કરી શકે છે ? શરીરને ઢાંકવા માટે અમારે કપડાંની જરૂર પડે છે. એટલે કપડાં પહેરવાં પડે છે. સમાજમાં રહીએ છીએ તો નાગા, ઉઘાડા તો રહી શકતા નથી. લંગોટી પહેરીને પણ નથી રહી શકતા અને રોટલી ખાધા વિના પણ નથી રહી શકતા. એના માટે તો અમે ગુનેગાર છીએ.આ બે ગુના સિવાય આપ સાચું મનો કે જે કંઈ અમારા ગુરુએ સાંસારિક દૃષ્ટિએ આપ્યું એ બધું જ છીનવી લીધું. બેટા ! અમે એકલા છીએ. આપ સાંભળતા કેમ નથી કે સાંસારિક દૃષ્ટિએ જે આપ ભગવાન પસો માગો છો, તે મળતું નથી.

તે આપ મહેનતથી મેળવી શકો છો. યોગ્યતાથી મેળવી શકો છો અને અપ્રામાણિકતાથી મેળવી શકો છો. ભગવાન કિંમતી ચીજ છે અને જ્યારે તે આપને આપશે તો એવી શાનદાર ચીજ આપશે જેનાથી આપ આપની આવશ્યકતાઓ પૂરી કરવા ઉપરાંત અનેકની આવશ્યકતાઓ પૂરી કરવામાં સમર્થ બની શકો. આ પણ એક શાન છે, આનંદ છે. ખાવાનો પણ આનંદ હશે, એ તો હું કહી શકતો નથી, પરંતુ અરે અભાગી, આપે ક્યારેય કોઈને ખવડાવ્યું છે ખરું ? અહીંથી માગી લાવ્યા, તહીંથી માગી લાવ્યા, એનું વરદાન માગી લાવ્યા, આની કૃપા લાવ્યા, આના આશીર્વાદ લાવ્યા. આ પણ કોઈ માગવાની ચીજ છે ? આ પણ કોઈ શાન છે ? આમાં તમારી કોઈ ઇજ્જત છે ? બેટા ! ઇજ્જત આમાં નથી.

### આપવાનો આનંદ જાણો

ચાલો, હું આપને આધ્યાત્મિક દૃષ્ટિએ સિદ્ધિઓની વાત કહું છું. સિદ્ધિઓની વાત એ છે, જેમાં માણસ બીજાને લાભ આપવામાં સમર્થ બની શકે. બીજાની મુસીબતોમાં મદદ કરી શકે. બીજાના આંસુઓ લૂછવામાં સમર્થ બની શકે. એવી શક્તિ મળી શકે છે ? હું આપને મારા લાંબા અનુભવોની સાક્ષી આપીને વિશ્વાસ અપાવું છું કે આપના માટે એવી શક્તિઓના, સિદ્ધિઓના અને શાંતિના દરવાજા ખુલ્લા છે, જેનાથી આપ આપના જીવાત્માની આવશ્યકતાઓ પૂરી કરી શકો છો. શરીરની વાત તો હું કહી શકતો નથી કે તેની ઇચ્છા પૂરી થઈ જશે. તો શું આપ શરીરની ઇચ્છા પૂરી કરી દેશો ? બેટા ! હું પૂરી કરી શકતો નથી, કારણ કે એ મારા સામર્થ્યની બહાર છે.

માણસની ઇચ્છા એટલી શેતાન છે કે તેને કોઈ પૂરી કરી શકતું નથી. તો આપ પૂરી કરી આપોને ? બેટા, મારા સામર્થ્યમાં અધ્યાત્મ, જે ચાર ચીજો સાથે જોડાયેલું છે, જેનો એક અંશ સેવા છે એ સેવાવાળા અંશને જો આપ અપનાવી લો તો ભગવાન દ્વારા આપવામાં આવેલ અનુદાન લોકો દ્વારા હજારગણા થઈને આપની પાસે સિદ્ધિઓ રૂપે, ચમત્કારો રૂપે, પરાક્રમ રૂપે અને બીજી ચીજો રૂપે મળી શકે છે. પણ આપ એને પણ ખાઈ શકતા નથી. ખવડાવવાનો સ્વાદ કેવો હોય છે. એ આપને કેવી રીતે બતાવું ? જો ખવડાવવાનો સ્વાદ. ખવડાવવાનો આનંદ પૂછવો હોય, તો મા ને પૂછજો કે માતાજી આપ આપની છાતીનું દૂધ આ બાળકને પિવડાવો છો તો આપને સારું લાગે છે ?

હા બેટા ! જ્યારે મારું બાળક દૂધ પીવે છે ત્યારે ખૂબ સારું લાગે છે અને જ્યારે આપની છાતીમાંથી દૂધ નથી નીકળતું તો ? ત્યારે બાળક રોવે છે અને ત્યારે મને બહુ કષ્ટ થાય છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે હે ભગવાન ! ગમે તે રીતે મારી છાતીમાં દૂધ આવી જાય તો હું બાળકને પિવડાવી દઉં, આપને કેવી રીતે કહું કે આપવામાં કેવો આનંદ હોય છે ? આપે ક્યારેય આપ્યું છે ? અભાગી, નિષ્ઠુરો, કંજૂસો, સ્વાર્થીઓ – આપવાનું કોને કહે છે, એ જાણ્યું છે ક્યારેય ? અરે કૃપણો ! આપવાથી માણસ દેવતા બની જાય છે. પ્રત્યેક માણસને ભગવાન એ જ શીખવે છે કે સેવાના શરણે જાવ. મદદ કરો.

### ઉદાત્ત જીવન – શ્રેષ્ઠ જીવન

કોને મદદ કરીએ ? મિત્રો ! ભગવાનને બે હાજ છે. એક હાથે તે પીડિત થઈને માગે છે, પ્રતિત થઈને માગે છે. આપ પતિતોને સહાય કરો, પીડિતોને સહાય કરો. પીડિતોને અને પતિતોને આપ સહાય ન કરો ત્યારે ? ત્યારે બેટા ! મુશ્કેલ છે. ત્યારે આપને ભગવાન મળી શકશે ? ભગવાનની કૃપા આપને મળી જશે ? હું વિચારું છું કે ત્યારે ભગવાન આપને ન મળવા જોઇએ. કારણ કે આપની અંદર કરુણા નથી. સદાશયના નથી. આપની ભીતર તો કેવળ એક ઇચ્છા કામ કરે છે અને આ ઇચ્છાની આગમાં એમને પણ બાળવા લાગો છો, જેમાં આપ બળી ગયા,

આપનું ધ્યાન બળી ગયું. આપનું કુટુંબ બળી ગયું. હવે કોણ રહી ગયું છે ? હવે સંતોષી માતા રહી ગઈ છે અને બીજી જે કોઈ રહી ગયું છે, તેને પણ આ નરકમાં બાળી નાંખો અભાગિયાઓ ! જેમાં આપ બળી રહ્યા છો, ઇચ્છાની આગ, ખ્વાહિશની આગ, વાસનાઓની આગ, તૃષ્ણાઓની આગમાં સંતોષી માતાને પણ શેકી નાંખો, અરે અભાગિયાઓ ! આપને પોતાને શેકી નાંખો, પરંતુ તેને તો પોતાની જગ્યાએ રહેવા દો. શું કરવું ? ઉદાત્ત જીવન, શ્રેષ્ઠ જીવન, પરોપકારી જીવન, શાનદાર જીવન, બીજાના દુ:ખમાં સહભાગી થનારું જીવન, સંસારમાં સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન કરનારું જીવન જીવો. આ જ અધ્યાત્મ છે. જો આપને આ બધું આવડી ગયું, તો આપ  ન્યાલ થઈ જશો.

## સામેલ થાવ આ અનુષ્ઠાનમાં

મહારાજજી ! આનાથી બીજી કોઈ સંપત્તિ આવશે કે નહિ આવે ? બેટા ! સંપત્તિ તો આવશે, પણ વહેંચવા માટે આવશે. વહેંચવાથી અમને શું ફાયદો ? બેટા , વહેંચવાથી કદાચ આપને ખબર પડે કે આ પણ કોઈ આનંદદાયક ચીજ છે. વહેંચવાથી પણ માણસને સંતોષ મળી શકે છે. વહેંચવાથી પણ માણસ આંખમાં આશા લઈને  હસતો-મુસ્કુરાતો ચાલ્યો જાય છે. એના આશીર્વાદમાં કોઈ દમ છે, કોઈ જાન છે. તો આવો, આ સાધનાનો આરંભ કરવાનું શરૂ કરો, જે માણસના વ્યક્તિગત જીવનને ઉદાર બનાવે છે, ઉદાત્ત બનાવે છે. જે માણસને કૃપણ નથી બનાવતી, જે માણસને ઇચ્છા, વાસના અને તૃષ્ણામાં ડૂબેલો રહેવા નથી દેતી. જો આપ આ પ્રકારની ઉપાસના કરવા માટે સંમત હો, તો આવો આ અનુષ્ઠાનમાં સામેલ થઈ જાવ. અમે ભગવાનને પ્રાર્થના કરીશું કે તે આશીર્વાદ સાંભળે અને આપને મદદ કરે અને જે આપે આપ્યું છે, ત્યાંથી દસ હજાર ગણું વધારે લાવીને પાછું આપે. જો આમ થઈ શકયુ, તો આપ ધન્ય થઈ જશો. સાંસારિક દૃષ્ટિએ પણ અને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ આપ માલદાર થઈ જશો. આપને માટે તો આપ આમ પણ નથી. આપની પાસે શું છે ? આપ જે કમાયા હતા, એ તમામ રૂપિયા દીકરાના હાથમાં જતા રહ્યા. હવે આપની પાસે ક્યાં છે ? જીવતા આપની પાસે નથી, તો મર્યા પછી શું હોઈ શકે છે ?

## સેવાથી જ ફળશે સાધના

એટલે મિત્રો ! આપની પાસે હોવા લાયક એક જ ચીજ છે કે આપ આપની ગરિમાનું સંવર્ધન કરો. આપની ભાવનાઓનું સંવર્ધન કરો. આપના આત્માનું સંવર્ધન કરો. જો આપે આ કરી લીધું, તો શું થઈ શકે છે ? આપ જે ઇચ્છો છો કે આ અમને મળે, તો પણ તે મળશે નહિ. સેન્ટ હેલેનાની જેલમાં નેપોલિયનને નથી મળ્યું. સિકંદરને નથી મળ્યું, તો પછી આપ કિસ ખેતકી મૂલી ? આ બધું જોવા-બતાવવા માત્ર છે, માલિક તો કોઈ બીજો જ છે. આપના જીવનમાં આપનો દીકરો માલિક થઈ ગયો. મર્યા પછી આપના બીજા માલિક બની જશે.

તમારી પસો ક્યાં છે અભાગી ? ગમે તે રીતે બે રોટલી ખાઈ લે છે, એ પણ બહુ છે તારા માટે. એ પણ પરેશાનીઓના કારણે, ચિંતાના કારણે, હેરાનગતીના કારણે પચે છે કે નથી પચતી રામ જાણે. તારા ભાગમાં છે શું ? જો આપે આપના ભાગમાં લાવવી હોય તો એ જ ચીજ લાવવી પડશે, જેનું મેં નિવેદન કર્યુ છે. આપે એ ઉપાસના કરવી પડશે, જેમાં જીવનના પરિષ્કાર માટે અને ભગવાનના સંતોષ માટે બંને પાસાં સમાન રીતે જોડાયેલા હોય. બંને કદમ ‘લેફ્ટ’ રાઇટ, ઉદાત્ત અને ઉદાર, શ્રેષ્ઠ અને શાલીન, પવિત્ર અને સેવાભાગી- આ જ બે કદમ છે, જેને આગળ વધારતા આપ જીવન લક્ષ્ય સુધી પહોંચી શકો છો. ભગવાનની કૃપા સુધી પહોંચી શકો છો અને ભગવાનની કૃપા અને જીવનલક્ષ્ય પ્રાપ્ત કરનારાઓએ જીવનમાં જે આનંદ ઉઠાવ્યા છે, તે આપ પણ ઉઠાવીશ કો છો, શરત એ જ છે કે આપ આપની ઉપાસનાનો આરંભ ભજનથી કરો, પણ એને ત્યાં સુધી જ સીમિત ન કરો. તેની સાથેસાથે જીવનની સાધના, સ્વાધ્યાય, વિચારોનું પરિમાર્જન, સંયમ, ખુદના જીવનના છિદ્રનું નિરાકરણ અને સેવા- આ ચારેયને આપ ભેળવી દો. પછી જુઓ કે આપની ઉપાસના ફળે છે કે નહિ ? આપ સિદ્ધ પુરુષ બનો છો કે નહિ ? આપ ચમત્કૃત થાવ છો કે નહિ ? ભગવાન આપના ઘરમાં સેવા-સહાયતા કરવા માટે આવે છે કે નહિ ? આવી છે સાધના, જે મેં કરી છે. હું ઇચ્છુ છું કે આપનામાંથી પ્રત્યેક માણસને એ જ રીતે સાધના કરવી જોઇએ, જે સફળ થાય છે અને થતી રહેશે.

## સાધનાનું સાચું સ્વરૂપ

સાધનાના બે અંગ છે – ઉપાસના અને સાધના. ઉપાસનાનું તાત્પર્ય છે, ઈશ્વર નિકટતાની અનુભૂતિ, આત્મચેતના પરમ ચેતનાના સંસર્ગથી જ પોતાના મુખ્ય કર્તવ્ય અને સ્વરૂપનો બોધ કરી શકે છે. ઈશ્વર પ્રત્યે, તેમની કાર્ય વ્યવસ્થા પ્રત્યે અતૂટ આસ્થા ત્યારે જ ઉત્પન્ન થાય છે. પરિણામે સાધકમાં સદ્દભાવનાઓ, સદ્દવિચારણાઓ અને સત્પ્રવૃતિઓ વધુમાં વધુ પ્રમાણમાં વધતી જાય છે. સામાન્ય સ્થિતિમાં આપણી ચેતના શરીરાભ્યાસ અને ભૌતિક આકર્ષણમાં એટલી બધી લેપાયેલી રહે છે કે જીવનના મૂળ સ્વરૂપને સમજવાની અને લક્ષ્ય પર ધ્યાન દેવાની વાત બની જ નથી શકતી. આ કાદવમાંથી નીકળવા માટે પોતાના નિજ લોકનું, બ્રહ્મલોકનું સ્મરણ રાખવું આવશ્યક છે. આ સ્મૃતિને સજાવી રાખવાનું ઈશ્વર -ઉપાસનાથી જ સંભવ છે. ભૌતિક આવશ્યકતાઓની પૂર્તિની જેમ જ કેટલીક આત્મિક આવશ્યકતાઓ પણ છે. તેના તરફ ઘણુંખરું પૂરેપૂરી ઉપેક્ષા જ રહે છે. આ અવહેલનામાં માણસે જે મેળવવાનું અને કમાવાનું હતું એ બધું જ ગુમાવી બેસે છે.

ઉપાસનાની સીડીઓ પર ચઢીને આપણે આત્મલોક સુધી પહોંચીએ છીએ અને આપણે એ ઉતરદાયિત્વોને સમજીએ છીએ, જે મનુષ્ય જીવનની સાર્થકતાનો મુખ્ય આધાર છે. માનવ ગરિમાનો ઈશ્વર વિશ્વાસ સાથે અને ઈશ્વર વિશ્વાસનો ઉપાસના સાથે અવિચ્છિન્ન સંબંધ છે. આથી ઉપાસનાનું સાચું રૂપ પણ જન-જનના મનમાં ઉતારવું પડશે. નૈતિકતા, શાલીનતા અને ઉદારતાનાં દૈવી ત્તવોને અંતઃકરણના ગહન ઊંડાણમાં ઉતારવાનું આના જ આધારે બની શકશે. આસ્તિકતા માનવ ગરિમાનો એવો જ દંડ છે. તે તૂટી જવાથી બીજા અવયવોનું સ્વસ્થ રહેવાનું પણ જીવનની સરસતા અને સફળતાને ચોપટ કરી દેશે. આપણે ફકત  આસ્તિકતાનો સ્વીકાર જ કરવાનો નથી, પણ ઉપાસના રૂપે તેનો દૈનિક અભ્યાસમાં સમાવેશ પણ કરી રાખવાનો છે. લોક શિક્ષણનો આ બહુ મોટો આધાર છે. એટલા માટે સાધનાનો પૂર્વાર્ધ ઉપાસનાને અપનાવવા પર આટલો ભાર મૂકવામાં આવ્યો છે.

સાધનાનો ઉત્તરાર્ધ છે, જીવનસાધના. જીવન સંપદાનો શ્રેષ્ઠતમ પ્રયોજનો માટે દૂરદર્શિતાપૂર્ણ સદુપયોગ જ સાધનાનું સ્વરૂપ છે. એમાં પોતાના વ્યક્તિત્વમાંથી અવાંછિત તત્વ એક એક કરીને વીણવા-ઉખાડવા પડે છે અને તેના સ્થાને ઉત્કૃષ્ટતાનાં કલ્પવૃક્ષોનું આરોપણ કરતાં કરતાં નંદનવન જેવા ઉદ્યાનની સંરચના માટે કટિબદ્ધ થવું પડે છે. ખેડૂત ખેતરની સાધના કરે છે, માળી બગીચાની, પહેલવાન શરીરની, વિદ્યાર્થી મસ્તિકની, વેપારી વ્યવસાયની, કલાકાર કલાની. આ સાધનાઓના ફળ સ્વરૂપે જ તેઓ ઉત્સાહવર્ધક પરિણામ મેળવે છે. જીવન એક કાચો હીરો છે, જેને ઘસવાની, પાસા પડવાથી જ તેનું સ્વરૂપ અને મૂલ્ય વધે છે. જીવન એક ધાતુ ખંડ છે, જેને તપાવવાથી, ઢાળવાથી, પીટવાથી, પાસા પાડવાથી જ ઓજાર અને આભૂષણ બને છે. મદારી હિંસક પશુઓને સુધારે છે અને તેમની પાસે આશ્ચર્યજનક કામો કરાવીને યશ અને ધન કમાય છે. અણઘડ દૃષ્ટિકોણ અને અસ્તવ્યસ્ત ક્રિયાકલાપ જ મનુષ્યનું સૌથી મોટું દુર્ભાગ્ય છે. આ જ ભૂલનું પરિણામ ડગલેને પગલે નારકીય આધિ-વ્યાધિઓ રૂપે ભોગવવું પડે છે. જીવન સાધના જ આત્મદેવની એ આરાધના છે જેના પરિણામે અમૃત, પારસ, કલ્પવૃક્ષ જેવી આલંકારિક કલ્પનાઓને જીવન ક્ષેત્રમાં ઊતરતી અને સુસંપન્નતાઓથી ભરપૂર બનતું જોઈ શકાય છે. આત્મનિરીક્ષણ, આત્મ સુધાર, આત્મનિર્માણ અને આત્મવિકાસના ચાર આધાર જે જેટલી તત્પરતાથી અપનાવતો જશે, તે તેટલી જ સફળતાપૂર્વક દિવ્ય લક્ષ્યને પાપ્ત કરીને રહેશે.

દેવી-દેવતાઓનાં વરદાનોથી મળતા અગણિત લાભોની ચર્ચા કથા-પુરાણોમાં મળે છે. વાસ્તવમાં માનવ જીવન જ સમસ્ત દેવી-દેવતાઓનો સમુદાય છે. સત્પ્રવૃત્તિઓ જ દેવીઓ છે અને સદ્ગુણોને વિના સંકોચ દેવતા કહી શકાય. તેમની ઉપયુક્ત રીતિ-નીતિ અપનાવીને સાધના કરી શકાય તો દેવતાઓની કૃપાથી મળનાર તમામ અનુદાનોને આપણા આ જ જીવનમાં નિશ્ચિતપણે ઉપલબ્ધ કરી શકાય છે. સંસારના મહામાનવોમાંથી દરેકે જીવનસાધનાની અગ્નિપરિક્ષામાંથી પસાર થવું પડયું છે. ભ્રષ્ટ અને દુષ્ટ ગતિવિધિઓ અપનાવી રાખીને નથી ભૌતિક પ્રગતિ થઈ શકતી, નથી આત્મિક ક્ષેત્રમાં એક ડગલું પણ આગળ વધી શકાતું.

આથી જીવન સાધના પ્રત્યેક વિચારશીલ અને પ્રગતિશીલ મનુષ્ય માટે એવું અનિવાર્ય કર્તવ્ય થઈ જાય છે, જેનો પરિત્યાગ કરી દેવાથી પછી નર-પશુ અને નર-કીટક સ્તરના બની રહેવા સિવાય એવો કોઈ દોષ જ રહી જતો નથી, જેના પર માનવતાનું ગૌરવ અનુભવી શકાય.

સાધના-ઉપાસનાને તમામ ધર્મોમાં અનિવાર્ય માનવામાં આવ્યાં છે. તેનાં સ્વરૂપ ક્રિયાપદ્ધતિમાં તો ભિન્નતા છે, પરંતુ પરમાતત્મસતાની નિકટતાનો બોધ બધા સાથે એકસરખો જોડાયેલો છે. મનુષ્યનો સ્વભાવ છે કે જેવા સંગમાં રહે છે, તેવી જ તેની પ્રવૃત્તિઓ બનવા લાગે છે. આ પ્રકૃતિનો નિયમ છે. અગ્નિની નજીક બેસવાથી ગરમી આવે છે. બરફની નજીક બેસવાથી શીતળતા વધે છે. તેવી રીતે ઈશ્વરની સમીપતાથી મનુષ્યમાં ઈશ્વરત્વની વૃદ્ધિ થાય છે.

ઈશ્વર સત્પ્રવૃતિઓ અને સદ્દશક્તિઓનો ભંડાર છે. તેના સામીપ્યથી મનુષ્યમાં એ તત્વોની વૃદ્ધિ સ્વાભાવિક છે. જયાં પણ આ સદ્દતત્વ હશે, ત્યાં શ્રી, સમૃદ્ધિ અને સુખ-સંતોષની કમી રહી શકતી નથી. જ્યારે આ તત્વ ઘટે છે તો માનવું જોઈએ કે ઈશ્વર સાથે સંપર્ક છુટી રહ્યો છે. જો ઉપાસનાઓ ક્રમ બરાબર ચાલતો હોય તો મનુષ્યના સ્વાભાવિક સ્તરમાં અધોગતિ આવવાનું કોઈ કારણ નથી.

ઉપાસના માત્ર કર્મકાંડ નથી. તે તો આત્મચેતનાને પરમાત્મ ચેતનાના સંપર્કમાં લાવવાની વિદ્યા છે. જયાં લોકો તેને સ્થૂળ કર્મકાંડ સુધી જ સીમિત માની લે છે, ત્યાં ઉપાસના સાચા અર્થોમાં ઉપાસના રહેતી નથી. ઉપાસના ભાવભરી મનોભૂમિથી કરવામાં આવે, ત્યારે જ તેનો લાભ મળે છે.

આપણા દેશમાં ઉપાસનાની અનેક વિધિઓ પ્રચલિત છે, પણ એ બધામાં ગાયત્રી ઉપાસના સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. તેનું કારણ પણ છે. તેને ગુણ વિશેષ રૂપે યાદ કરવામાં આવી છે. સાથોસાથ તેને બુદ્ધિમાં સ્થાપિત કરવાની અને બુદ્ધિને સન્માર્ગ પર પ્રેરિત કરવાની પ્રાર્થના કરવામાં આવી છે. આના આધારે એ પરમાત્માની સર્વશ્રેષ્ઠ પ્રાર્થના છે. કોઈ પણ કર્મ અને સંપ્રદાયની વ્યક્તિ ગાયત્રી મંત્રમાં સમાયેલા આ શ્રેષ્ઠતમ્ ભાવોની પ્રશંસા કર્યા વિના રહી શકતી નથી.

કોઈ પણ ઈષ્ટનું ધ્યાન કરે, કોઈ પણ પૂજાવિધિનો અંગીકાર કરે, પરંતુ જો ઈશ્વરની સાથે આ પ્રકારનો સંબંધ રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો સમજવું જોઈએ કે ઉપાસનાની સાચી રીત મળી ગઈ, તેનું સાચું સ્વરૂપ બની ગયું. પછી તેનાથી મળનારા લાભ પણ અવશ્ય પ્રાપ્ત થશે. પ્રત્યેક વિચારશીલે આના આધારે સાધના-ઉપાસનાનો નિયમિત ક્રમ બનાવીને ચાલવું જોઈએ. આજની વાત સમાપ્ત.

### જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.